**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 6, June - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 04/06/2021 Accepted on : 19/06/2021 Publication Date: 30/06/2021

# મહિલાઓના આર્થિક-સામાજિક વિકાસમાં શિક્ષણનું મહત્વ (વડાલી તાલુકાનાં કોદરેલી ગામના સંદર્ભમાં)

**આશાબેન આર. રાઠોડ**
**પીએચ.ડી સ્કૉલર, (અર્થશાસ્ત્ર) હે.ઉ.ગુ.યુનિ.,પાટણ**
**Email - asharathod2550@gmail.com**

**સારાંશ :** પ્રસ્તુત સંશોધન અભ્યાસએ વડાલી તાલુકાનાં કોદરેલી ગામમાં કરવામાં આવ્યો છે. આ અધ્યયનમાં મહિલાઓના આર્થિક-સામાજિક વિકાસમાં શિક્ષણનું મહત્વ કેટલું છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસ અંતર્ગત શિક્ષણના માપદંડ તરીકે નિરક્ષરતા, પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચતર માધ્યમિક અને પ્રોઢ શિક્ષણનો સમાવેશ કરવામાં આવ્યો છે. આપણે ત્યાં ગુજરાતીમાં એક કહેવત છે કે "એક ભણેલી માતા સો શિક્ષકની ગરજ સારે છે." આ પંક્તિ અંતર્ગત મહિલાઓમાં શિક્ષણનું કેટલું મહત્વ છે તે જાણી શકાય છે. શિક્ષણ થકી મહિલાઓ કોઈપણ વ્યવસાયમાં સહેલાઇથી જોડાઈ શકે છે. તેઓ શિક્ષત હોવાથી તાલીમ અને જ્ઞાન મેળવી શકે છે. સ્વરોજગારીને લગતા કાર્યક્રમો અને સરકારી યોજનોનો લાભ લઈ શકે છે. મહિલા સશક્તિકરણ અંતર્ગત પણ શિક્ષણનું મહત્વ વિશેષ રહ્યું છે.

**મુખ્ય શબ્દો : :** શિક્ષણ, આર્થિક-સામાજિક વિકાસ, રોજગારી, બેકારી, ગરીબી, આવક, બચત, જીવનધોરણ, સુખાકારી.

## 1. પ્રસ્તાવના :-

આપણે સૌ જાણીએ છીએ કે શિક્ષણએ સમાજના ઘડતર અને પરીવર્તનનું એક અતિ મહત્વનુ સાધન છે. શિક્ષણ દ્વારા વ્યકતી બુદ્ધિ, તર્કશક્તિ અને વ્યક્તિત્વના વિકાસ સાથે સમાજમાં જાગૃતા લાવી શકે છે. ભારતમાં પંચવર્ષીય યોજના દરમ્યાન ૧૯૫૧થી શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. કારણ કે શિક્ષણ થકી સામાજિક અને આર્થિક રીતે ભિન્ન ભિન્ન સ્તરે ઉભેલા લોકોને એક સ્તર હેઠળ લાવી પ્રવર્તનની અસમાનતા ઘટાડી શકાય છે. શિક્ષણ પ્રણાલી સ્ત્રી અને પુરૂષ માટે સમાન લાગુ પડે છે. વિશ્વભરમાં મહિલાઓના સશક્તિકરણ પાછળ શિક્ષણનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. મહિલા ચળવળનો ઇતિહાસ જોતાં તારણ મળે છે કે સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો ઊંચો લાવવાના સાધન તરીકે શિક્ષણનો ઉપયોગ સૌથી વધુ થયો છે. ભારતમાં ૧૯મી સદીના અંત ભાગમાં આપણાં દેશમાં મહિલા શિક્ષણનો ખ્યાલ શરૂ થયો હતો. મહિલાઓને શિક્ષણ આપવાના હેતુઓ પણ ભિન્ન ભિન્ન રાખવામાં આવ્યા હતા. ભણેલી ગૃહણી અને આદર્શ માતાનો ખ્યાલ સ્ત્રી શિક્ષણનાં પાયામાં હતો. પરંતુ સામાજિક વર્ણવ્યવસ્થા અને પરંપરાગત ચાલતી પ્રથાઓને કારણે લગ્ન થયા પછી મહિલાની ઓળખ બદલાઈ જાય છે. જેમ કે "અમુક નાં ઘરની વહુ" તરીકે ઓળખાય છે. જેમાં તે અનેક ભૂમિકા ભજવે છે. જેવી કે પત્ની તરીકે, ભાભી તરીકે, નણદ તરીકે અને માતા તરીકેની ફરજ પૂરી કરે છે.

ભારતમાં ૧૯૪૯માં વિશ્વવિધાલય શિક્ષણપંચના અહેવાલ પ્રમાણે સ્ત્રી અને પુરૂષમાં શિક્ષણના ઘણાં તત્વો સરખા હોવા જરૂરી છે. સ્ત્રી શિક્ષણમાં લગ્નજીવન અને માં-બાપ, બાળકો સંદર્ભિત બાબતોનો સમાવેશ કરવો જોઇએ. સ્ત્રીને એવું શિક્ષણ આપવું જોઇએ કે જેના દ્વારા તે ઘર વ્યવસ્થા અને વહીવટી અંગેની કુશળતા પ્રાપ્ત કરી શકે. ભારતમાં વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં સાક્ષરતાનું ટકાવારી પ્રમાણ ૬૫.૪૬% જોવા મળ્યું હતું. જેમાં ગુજરાતનું સાક્ષરતા પ્રમાણ રાષ્ટ્રીય સાક્ષરતા પ્રમાણ કરતાં ઊંચું જોવા મળ્યું હતું. કુલ વ્યક્તિના રાષ્ટ્રીય ૭૪% સામે ગુજરાતનાં ૭૯.૩% છે. જેમાં પુરુષોના ૮૨.૧૪% સામે ૮૭.૦૨% અને સ્ત્રીઓના ૬૫.૪૬% સામે ૭૦.૦૭% સાક્ષરતા પ્રમાણ નોંધાયું હતું. આથી કહી શકાય કે એકંદરે ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ સારું જોવા મળેલ છે.

**ભારતમાં સ્ત્રી-પુરૂષનું સાક્ષરતા પ્રમાણ**

| વર્ષ | વ્યક્તિ પ્રમાણ | પુરૂષ | સ્ત્રી |
|---|---|---|---|
| **1901** | 5.34 | 9.83 | 0.60 |
| **1911** | 5.92 | 10.56 | 1.05 |
| **1921** | 7.16 | 12.21 | 1.85 |

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 6, June - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 04/06/2021 Accepted on : 19/06/2021 Publication Date: 30/06/2021

| | | | |
|---|---|---|---|
| **1931** | 9.50 | 15.59 | 2.90 |
| **1941** | 16.10 | 24.90 | 7.30 |
| **1951** | 16.17 | 24.95 | 7.93 |
| **1961** | 24.02 | 34.44 | 12.95 |
| **1971** | 29.45 | 39.45 | 18.69 |
| **1981** | 36.17 | 46.74 | 24.88 |
| **1991** | 52.2 | 64.01 | 39.08 |
| **2001** | 65.38 | 75.96 | 54.28 |
| **2011** | 74.00 | 82.14 | 65.46 |

સ્ત્રોત : સિલેકટેડ સોશ્યો-ઇકોનોમિક સ્ટેટીસ્ટિક્સ ફોર ઈન્ડિયા. 1993 અને સેન્સસ ઓફ ઈન્ડિયા, ૨૦૦૧ અને ૨૦૧૧.

ભારતમાં સ્ત્રી-પુરૂષનું સાક્ષરતા પ્રમાણ જોતાં શરૂઆતના વર્ષોમાં સ્ત્રીઓ કરતાં પુરૂષોમાં સાક્ષરતાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. વર્ષ ૧૯૦૧માં ૯.૮૩% પુરૂષ સાક્ષરતા દરની સામે સ્ત્રીઓમાં સાક્ષરતાનો દર માત્ર ૦.૬૦% જોવા મળ્યો હતો. કારણ કે તે સમયે સ્ત્રીઓને જોઈએ તેટલા પ્રમાણમાં તેમનો અવાજ રજૂ કરવાની કે સ્વતંત્રતા મળી ન હતી. શિક્ષણ માત્ર પુરૂષો માટે જ છે સ્ત્રીઓને માત્ર ઘરકામ અને બાળકોનો ઉછેર કરવો તેવો ખ્યાલ સમાજમાં પ્રવર્તમાન હતો. જેના કારણે સ્ત્રીઓને શિક્ષણથી વંચિત રાખવામાં આવતી હતી. પરંતુ સમય જતાં આ સ્થિતિમાં બદલાવ આવતા આ ખ્યાલ દૂર થયો અને સ્ત્રીઓને પણ શિક્ષણ આપવામાં આવ્યું જેના પરિણામે વર્ષ ૧૯૮૧ પછીના દાયકાઓમાં સ્ત્રી શિક્ષણમાં નોંધપાત્ર વધારો થયો હતો. જે અંતર્ગત વર્ષ ૨૦૧૧માં સ્ત્રીઓમાં સાક્ષરતા દર ૬૫.૪૬% જોવા મળ્યો હતો. વર્તમાનમાં સમાજની વિચારધારામાં બદલાવ આવ્યો છે. સ્ત્રી-પુરૂષ વચ્ચે કોઇ ભેદભાવ નથી બંનેને સમાન શિક્ષણ, સમાન-કામ, સમાન-વેતન પણ આપવામાં આવે છે.

**2. સંશોધન અભ્યાસના હેતુઓ :-** પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડાલી તાલુકાનાં કોદરેલી ગામમાં કરવામાં આવ્યો છે. જેમાં મહિલાઓનાં જીવનમાં શિક્ષણનું કેટલું મહત્વ છે. તેમજ શિક્ષણ થકી મહિલાઓ ઉદ્યોગ ક્ષેત્રે, આરોગ્ય ક્ષેત્રે, શિક્ષણક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્રે, સ્વરોજગારી, નાના ગૃહ ઉદ્યોગ દ્વારા પણ આર્થિક કમાણી મેળવી શકે છે. આ અભ્યાસ અંતર્ગત શિક્ષણના સોપાનોએએમ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ.માધ્યમિક અને કોલેજ સુધીના અભ્યાસને આવરી લેવામાં આવેલ છે. સંશોધન અભ્યાસ અંતર્ગત કેટલાક હેતુઓ અનિવાર્ય બને છે.

- મહિલાઓમાં શિક્ષણનો કેટલો છે તેનો અભ્યાસ કરવો.
- ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને શિક્ષણ આપવામાં આવે છે કે નહીં તેનો અભ્યાસ કરવો
- સ્ત્રી-પુરૂષને આપવામાં આવતા શિક્ષણમાં કોઈ તફાવત છે કે નહીં તે ચકાસવું.
- ગ્રામીણ વિસ્તારમાં રહેતી મહિલાઓમાં આવકનું પ્રમાણ તપાસવું.
- ગ્રામીણ મહિલોમાં મિલકત વિષયક બાબતોનો અભ્યાસ કરવો.
- મહિલાઓની આર્થિક-સામાજિક સ્થિતિનો અભ્યાસ કરવો.

**3. સંશોધન અભ્યાસની પરિકલ્પના :-** સંશોધન અભ્યાસ માટે પરિકલ્પના અતિમહત્વનું સ્થાન ધરાવે છે. પરિકલ્પના દ્વારા પ્રસ્તુત અભ્યાસને કેન્દ્ર સ્થાને રાખીને અંદાજ મૂકવામાં આવે છે. તેમજ મેળવેલ પ્રાથમિક અને ગૌણ માહિતીનું પૃથ્થકરણ કરી તેની ચકાસણીને આધારે તારણો અને સૂચનો રજૂ કરવામાં આવે છે જે ભાવિસંશોધન માટે મહત્વના પુરવાર થાય છે.

- ગ્રામીણ મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે.
- ગ્રામીણ મહિલાઓમાં આવકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.
- ગ્રામીણ મહિલોમાં બચતનું પ્રમાણ ઓછું જોવા મળે છે.
- ગ્રામીણ મહિલાઓમાં આર્થિક સ્થિતિનું પ્રમાણ સારું જોવા મળે છે.
- ગ્રામીણ મહિલાઓમાં સરકારી મહિલાલક્ષી યોજનાઓની જાણકારીનો અભાવ જોવા મળે છે.

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 6, June - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 04/06/2021 Accepted on : 19/06/2021 Publication Date: 30/06/2021

**4. સંશોધન પદ્ધતિ :-** પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પ્રાથમિક અને ગૌણ માહિતીના આધારે માહિતી એકત્રિત કરવામાં આવી છે. જેમાં પ્રાથમિક માહિતી વડાલી તાલુકાનાં કોદરેલી ગામમાં રહેતી મહિલાઓની રૂબરૂ મુલાકાત લઈને પ્રશ્નોત્તરી દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી છે. જ્યારે ગૌણ માહિતી એ સંશોધન અભ્યાસ અંતર્ગત સામાયિક, વર્તમાનપત્રો, સંદર્ભો અને ઇન્ટરનેટના માધ્યમ દ્વારા એકત્રિત કરવામાં આવી છે.

**4.1 નમૂના (સેમ્પલ) પસંદગી :-** પ્રસ્તુત અભ્યાસ વડાલી તાલુકાનાં કોદરેલી ગામની મહિલાઓ પર કરવામાં આવ્યો છે. વડાલી તાલુકાનાં કોદરેલી ગામમાં રહેતી કુલ મહિલાઓ પૈકી ૫૦ મહિલાઓને યદ્દછ નિર્દેશન પદ્ધતિથી પસંદ કરવામાં આવી છે. પસંદ કરેલી મહિલાઓ પાસેથી પ્રાથમિક માહિતી પ્રશ્નાવલી સ્વરૂપે રૂબરૂ મુલાકાત લઈને એકત્રિત કરવામાં આવી છે. એકત્રિત કરેલ માહિતીનું પૃથ્થકરણ કરી તેનાં તારણો અને સૂચનો રજૂ કરવામાં આવ્યા છે. જે ભાવિસંશોધન માટે માર્ગદર્શક બની રહેશે.

**4.2 માહિતીનું પૃથ્થકરણ (પરિકલ્પના ચકાસણી) :-** પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડાલી તાલુકાનાં કોદરેલી ગામમાં રહેતી મહિલાઓ પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે પરિકલ્પનાની ચકાસણી કરવામાં આવેલ છે.

- **ગ્રામીણ મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડાલી તાલુકાનાં કોદરેલી ગામમાં રહેતી મહિલાઓ પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે કુલ મહિલા ઉત્તરદાતા પૈકી ૮૨.૯% મહિલાઓ ઉચ્ચ.શિક્ષણ ધરાવતી હતી. જ્યારે ૧૧.૪% માધ્યમિક અને ૫.૭% મહિલાઓ ઉચ્ચ.માધ્યમિક શિક્ષણ સુધીનો અભ્યાસ મેળવેલ હતો. આથી, અભ્યાસ પરથી મેળવેલ માહિતીના આધારે પરિકલ્પનાનો અસ્વીકાર થાય છે. કારણ કે વર્તમાન પરિસ્થિતિમાં મહિલાઓનાં શિક્ષણમાં નોંધપાત્ર વધારો થયેલો જોવા મળ્યો છે.

**(સાક્ષરતા પ્રમાણ)**




વર્તમાનમાં સરકાર દ્વારા બેટી બચાવો બેટી પઢાવો કાર્યક્રમ અંતર્ગત છોકરીઓની સંખ્યામાં વધારો કરવા અને તેમને શિક્ષિત બાનવવાના પ્રયત્નો કરવામાં આવી રહયા છે. સરકાર દ્વારા સ્ત્રીઓ માટે મફત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. તે ઉપરાંત તેમને શિષ્યવૃતિ પણ મળવાપાત્ર છે. આમ, સરકારની આ પહેલ દ્વારા મહિલાઓમાં શિક્ષણમાં નોંધપાત્ર સુધારો થયો છે.

- **ગ્રામીણ મહિલાઓમાં આવકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડાલી તાલુકાનાં કોદરેલી ગામમાં રહેતી મહિલાઓ પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે કુલ મહિલા ઉત્તરદાતા પૈકી મોટાભાગની મહિલાઓ સરેરાશ વાર્ષિક માત્ર ૫૦ હજાર થી ૧ લાખ સુધીની આવક ધરાવતી હતી. જ્યારે ૨૧.૯% મહિલાઓ વાર્ષિક ૧.૫૦ લાખ, ૧૨.૫% મહિલાઓ વાર્ષિક ૨ લાખ અને ૧૫.૬% મહિલાઓ વાર્ષિક ૨ લાખથી વધુની આવક ધરાવતી હતી. આથી, કહી શકાય કે એકંદરે ગ્રામીણ વિસ્તારમાં રહેતી મહિલાઓમાં આવકનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે. કારણ કે મોટાભાગની મહિલાઓ ખેતી અને છૂટક મજૂરી સાથે સંકળાયેલી હોવાથી તેમનામાં આવકનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળ્યું છે.

**(વાર્ષિક આવક પ્રમાણ)**




- **ગ્રામીણ મહિલોમાં બચતનું પ્રમાણ ઓછું જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડાલી તાલુકાનાં કોદરેલી ગામમાં રહેતી મહિલાઓ પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે કુલ મહિલા ઉત્તરદાતા પૈકી ૯૩.૮% મહિલાઓ આવકના અનુસંધાનમાં બચત કરતી હતી. જ્યારે ૬.૩% મહિલાઓ બચત કરતી ન હતી. જે અંતર્ગત ૧૬ (૫૧.૬%) બેંકમાં, ૮ (૨૫.૮%) પોસ્ટમાં, ૭ (૨૨.૬%) સ્વ સહાય જૂથમાં, ૫ (૧૬.૧%) મહિલાઓ ઘરમાં અને ૭ (૨૨.૬%) મહિલાઓ અન્ય સ્ત્રોતમાં બચત કરતી હતી.

**(બચત પ્રમાણ)**




**(બચતના સ્ત્રોતનું પ્રમાણ)**



Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 4, Issue - 6, June - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 04/06/2021 Accepted on : 19/06/2021 Publication Date: 30/06/2021

- **ગ્રામીણ મહિલાઓમાં આર્થિક સ્થિતિનું પ્રમાણ સારું જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડાલી તાલુકાનાં કોદરેલી ગામમાં રહેતી મહિલાઓ પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે કુલ મહિલા ઉત્તરદાતા પૈકી મોટાભાગની ૫૮.૮% મહિલાઓની આર્થિક સ્થિતિનું પ્રમાણ સારું જોવા મળ્યું છે. જ્યારે ૪૧.૨% મહિલાઓની સ્થિતિ મધ્યમ જોવા મળી હતી. ૮૪.૪% મહિલાઓને જણાવ્યું કે તેમની મધ્યમ અને ખરાબ પરિસ્થિતિ પાછળનું મુખ્ય કારણ શિક્ષણ છે. કારણ કે શિક્ષિત મહિલા પોતે અને પોતાના પરિવારને સારી રીતે સાચવી શકે છે. આપણે ત્યાં ગુજરાતીમાં કહેવત છે કે "એક ભણેલી માતા સૌ શિક્ષકની ગરજ સારે છે." આ પંક્તિ શિક્ષિત મહિલાઓને વધારે લાગુ પડે છે.

**(આર્થિક સ્થિતિ પ્રમાણ)**




પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત શિક્ષિત મહિલાઓ પરિવાર તેમજ બાળકોને યોગ્ય શિક્ષણ આપી શકે છે. શિક્ષણ થકી મહિલાઓમાં જરૂરી કૌશલ્ય, માર્ગદર્શન અને તાલીમ મેળવી તેઓ પગભર બની છે. તેમજ મોટાભાગની મહિલાઓ ગૃહ ઉધોગ થકી સારી આર્થિક કમાણી મેળવી રહી છે.

- **ગ્રામીણ મહિલાઓમાં સરકારની મહિલા શિક્ષણલક્ષી યોજનાઓની જાણકારીનો અભાવ જોવા મળે છે.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડાલી તાલુકાનાં કોદરેલી ગામમાં રહેતી મહિલાઓ પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે કુલ મહિલા ઉત્તરદાતા પૈકી મોટાભાગની ૯૪.૩% મહિલાઓ સરકારની મહિલા શિક્ષણલક્ષી યોજના વિશે જાણકારી ધરાવે છે. જ્યારે ૫.૭% મહિલાઓને આ યોજના અંગેની કોઈ જાણકારી ન હતી.

**(મહિલા શિક્ષણલક્ષી યોજનાની જાણકારીનું પ્રમાણ)**



સરકારની મહિલા શિક્ષણલક્ષી યોજનાઓમાં ૧૫ (૪૫.૫%) વિધાલક્ષી બોન્ડ યોજના, ૨૭ (૮૧.૮%) કન્યાઓને મફત શિક્ષણ, ૧૯ (૫૭.૬%) વિધા સાધના / સરસ્વતી સાધના યોજના, (૧૫.૨%) મહિલા ખેલાડીઓને સ્પોર્ટ્સ સ્કોલરશીપ અને ૭ (૨૧.૨%) મહિલાઓ માનનીય મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજનાની જાણકારી ધરાવતી હતી.

**5. સંશોધન અભ્યાસના તારણો :-**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડાલી તાલુકાનાં કોદરેલી ગામમાં રહેતી મહિલાઓ પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે પ્રાપ્ત થયેલા તારણો પર નજર કરતાં....

- પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે મહિલાઓમાં જ્ઞાતિ પ્રમાણ પર નજર કરતાં કુલ ઉત્તરદાતા મહિલાઓમાં ૨૮.૬% Open જ્ઞાતિ, ૮.૬% મહિલાઓ SC જ્ઞાતિ, ૧૪.૩% મહિલાઓ ST જ્ઞાતિ, ૨૫.૭% OBC જ્ઞાતિ અને ૨૨.૯% મહિલા EWC જ્ઞાતિ ધરાવતી હતી.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે મહિલાઓમાં વૈવાહિક દરજ્જો જોતાં કુલ ઉત્તરદાતા પૈકી ૬૦% પરણિત, ૩૭.૧% અપરણિત અને ૨.૯% મહિલા વિધવા જોવા મળી હતી.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા મેળવેલ પ્રાથમિક માહિતી પૃથ્થકરણના આધારે રેશન કાર્ડ ધારકની વિગત જોતાં કુલ ઉત્તરદાતા મહિલાઓમાંથી ૬૮.૮% APL, અને ૩૧.૩% BPL રેશન કાર્ડ ધરાવતી હતી.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે કુલ મહિલાઓ પૈકી ૭૭.૧% મહિલાઓ સંયુક્ત કુટુંબ અને ૨૨.૯% મહિલાઓ વિભક્ત કુટુંબો ધરાવતી હતી.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે કુલ મહિલાઓપૈકી ૮૮.૬% મહિલાઓ પોતાના મકાનમાં અને ૧૧.૪% મહિલાઓ ભાડાના મકાનમાં રહેતી હતી.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે કુલ મહિલાઓ પૈકી ૯૪.૩% મહિલાઓ પાકું ધબવાળું મકાન ધરાવતી હતી.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે કુલ મહિલાઓ પૈકી વ્યવસાયની વિગત જોતાં ૪૦% મહિલાઓ અભ્યાસ, ૪૨.૯% મહિલાઓ ગૃહણી તરીકે, ૧૧.૪% મહિલાઓ નોકરી કરતી હતી.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે ૭૭.૪% મહિલાઓ પ્રોઢ શિક્ષણની જાણકારી ધરાવે છે. જ્યારે ૨૨.૬% મહિલાઓ પ્રોઢ શિક્ષણ અંગે કોઈ જાણકારી ધરાવતી નથી. તે ઉપરાંત ૯૦.૯% મહિલાઓનાં માટે ગામમાં પ્રોઢ શિક્ષણ કાર્યરત છે. જેમાં ૮૭.૧% મહિલાઓને સાંજના સમયે શાળા મારફતે શિક્ષણ આપવામાં આવે છે.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે ૫૮.૮% મહિલાઓની આર્થિક સ્થિતિ સારી જોવા મળી હતી.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે ૮૪.૪% મહિલાઓએ સ્વીકાર્યું કે તેમના ઘરની આર્થિક સ્થિતિ પાછળ શિક્ષણ જવાબદાર છે. ૧૧.૫% મહિલાઓએ સ્વીકાર્યું કે શિક્ષણ વગર યોગ્ય માર્ગદર્શન અને તાલીમ મેળવી શકતી નથી. ૨૩.૧% મહિલાઓએ જણાવ્યું કે શિક્ષણ વગર કોઈ ધંધા-વ્યવસાય કરી શકતા નથી.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે ૧૦૦% મહિલાઓએ સ્વીકાર્યું કે આર્થિક અને સર્વાંગી વિકાસ માટે શિક્ષણનું મહત્વ વિશેષ રહેલું છે.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે ૧૦૦% મહિલાઓએ સ્વીકાર્યું કે દરેક ગ્રામીણ કે શહેરી વિસ્તારમાં મહિલાઓને ફરજિયાત શિક્ષણ આપવું જોઇએ કે જેથી તેઓ ભવિષ્યમાં પોતે પગભર થઇ પોતાના પરિવારનું યોગ્ય સંચાલન કરી શકે.

**6. સંશોધન અભ્યાસના સૂચનો :-**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડાલી તાલુકાનાં કોદરેલી ગામમાં રહેતી મહિલાઓ પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણના આધારે પ્રાપ્ત થયેલા તારણોને આધારે ભાવિ સૂચનો અનિવાર્ય બને છે કે જેથી જે પણ મર્યાદા પ્રસ્તુત અભ્યાસ દ્વારા જાણવા મળે છે તે ભાવિ સંશોધન અંતર્ગત ઉપયોગી થઇ ભાવિસંશોધન અભ્યાસની દિશાભિમુખતા દર્શાવવામાં ઉપયોગી પુરવાર થાય છે.

- ગ્રામીણ વિસ્તારમાં રહેતી મહિલોમાં શિક્ષણના પ્રમાણમાં વધારો થાય તે માટે ગામમાં પ્રોઢ શિક્ષણ અંતર્ગત તેમને શિક્ષણ પૂરું પાડવું.
- મહિલાઓમાં છૂટક મજૂરી ઉપરાંત તેઓ નાના ગૃહ ઉધોગ કે નાના પાયાના ઉધોગોમાં જોડાઇ શકે તેવા પ્રયત્નો હાથ ધરવા જોઇએ કે જેથી તેમને આર્થિક કમાણી થઇ શકે.
- શ્રમકાર્ય કરતી મહિલાઓમાં કામના કલાકો સામે યોગ્ય વેતન મળવાપાત્ર છે કે નહીં તેની તપાસ કરી તેમને યોગ્ય વેતન પૂરું પાડવું.

- સરકાર દ્વારા બહાર પાડવામાં આવતી મહિલાલક્ષી યોજનાઓથી ગ્રામીણ મહિલાઓને વાકેફ કરવી તેમજ આ યોજનાનો પૂરેપૂરો લાભ તેમને મળી રહે તેવા પ્રયત્નો કરવા.
- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત જે મહિલાઓને રહેવા માટે પોતાના મકાન નથી તેવી મહિલાઓને આ યોજના હેઠળ આવરી લઈને તેમને રહેવા માટે મકાનની વ્યવસ્થા કરી આપવી.
- ગ્રામીણ વિસ્તારમાં રહેતી શિક્ષિત મહિલાઓને સરકારની મુદ્રા લોન અંતર્ગત પોતાનો સ્વ રોજગાર વ્યવસાય કાર્યરત કરી શકે તે માટેના પ્રયત્નો કરવા.
- ફરજિયાત શિક્ષણ અંતર્ગત દરેક ગામમાં પ્રાથમિક અને માધ્યમિક સ્તરની સ્કૂલો કાર્યરત કરવી કે જેથી બાળકોને તેમના ઘર આંગણે શિક્ષણ મળી રહે.
- ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓને રોજગારલક્ષી તાલીમ અને માર્ગદર્શન પૂરા પાડવા કે જેથી તેઓ નવરાશની પળોમાં ગૃહ ઉધોગ મારફતે આર્થિક કમાણી કરી શકે. જેવા કે અગરબતી, પાપડ, ખાખરા, ઇમિટેશન ઝ્વેલેરી, ભરત ગૂંથણ જેવા અનેક કામો દ્વારા રોજગારી મેળવી શકે છે.

**સંદર્ભગ્રંથ:**

1. સિલેકટેડ સોશ્યો-ઇકોનોમિક સ્ટેટીસ્ટિક્સ ફોર ઈન્ડિયા. 1993 અને સેન્સસ ઓફ ઈન્ડિયા ૨૦૦૧ અને ૨૦૧૧.
2. દેવેન્દ્ર કુમાર શરણ, નારી સશક્તિકરણ કા ઇતિહાસ, ક્લાસિકલ પબ્લિશિંગ કંપની, ૨૮, શોપિંગ સેન્ટર, કર્મપુરા, ન્યુ દિલ્હી, - ૧૧૦૦૧૫.
3. આર્થિક સામાજિક સમિક્ષા, પાનાં નં. ૩૩, વર્ષ: ૨૦૦૭.
4. ડૉ. રાજકુમાર, મહિલા એવંમ વિકાસ, અર્જુન પબ્લિશિંગ હાઉસ, અસારી રોડ, દરિયાગંજ, નવી દિલ્હી - ૧૧૦૦૦૨.
5. Annual Report, 2016-17, Department of Agriculture, Cooperation and Farmers Welfare, Ministry of Agriculture & Farmers Welfare Government of India, Krishi Bhavan, New Delhi-110 001.
6. Gujarat Minimum Wage W.E.F. October 1, 2017 to March 31, 2018.